પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૭૮ | ૭ સપ્ટેમ્બર, ૨૦૧૭, ગુરૂવાર ; ભાદરવા વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### ફેસબુક, વોટસએપ યુઝર ડેટા શેર નહી કરી શકે

સુપ્રિમ કોર્ટે વોટ્સએપની નવી પ્રાઈવેસી પોલીસી મામલે સુનવણી કરતા કહ્યું હતું કે ફેસબુક અને વોટ્સએપ તેમના યુઝર્સના પ્રાઈવેટ ડેટા ત્રીજી પાર્ટીને શેર ન કરે. આ મામલે ૪ સપ્તાહમાં જવાબ રજુ કરવા જણાવાયું છે.

### શહીદોના પરિવારો માટે અક્ષયકુમારે શરૂ કર્યુ ફંડ

બોલીવુડના જાણીતા અભિનેતા અક્ષયકુમારે વધુ એક નેકીનું કામ કર્યુ છે. તેમણે શહીદ થયેલા ભારતીય સૈનિકોના પરિવાર માટે 'ભારત કે વીર' નામનું ફંડ બનાવ્યુ છે. જેના પ્રારંભે જ ૬.૫૦ કરોડ જેટલી રકમ એકત્ર થઈ છે.

### કોલકત્તામાં અમીત શાહનો કાર્યક્રમ રદ

પશ્ચિમ બંગાળમાં ભાજપને મજબુત કરવા ભાજપના નેતાઓ દ્વારા અમીત શાહની રેલીનુંઆયોજન કરવામાં આવ્યુ હતુ. જો કે સભા માટે સ્ટેડીયમ બુક કરવા મામલે વિવાદ થતા આખરે અમીત શાહના કાર્યક્રમને રદ કરી દેવાયો છે.

### લખનઉ મેટ્રો પ્રથમ દિવસે જ ખોટકાઈ

લખનઉમાં મેટ્રો ટ્રેનને પ્રથમ ગ્રાસે જ મક્ષીકા નડી છે. ટેકનીકલ ખરાબીના કારણે ટ્રેન દુર્ગાપુરી અને મવૈયાની વચ્ચે અટકી પડી હતી. ટ્રેનમાં સવાર ૧૦૧ યાત્રીઓ અટવાયા હતા.

# ગૌરક્ષાના નામે ગુંડાગીરી નહિ ચલાવાય : સુપ્રિમ

## નોડલ ઓફિસર નિયુક્ત કરવા રાજ્યોને સુપ્રીમનો આદેશ : હિંસા ન થાય એ જોવાની જવાબદારી રાજ્ય સરકારોની છે

ન્યુ દિલ્હી,તા.૬

દેશભરમાં ગૌરક્ષાનાં નામે



કથિત ગૌરક્ષકો દ્વારા થઈ રહેલી હિંસા અને હત્યાની ઘટનાઓને પગલે સુપ્રિમ કોર્ટે કડક વલણ ધારણ કર્યુ છે અને કહ્યું છે કે હિંસા અટકાવવા માટે દરેક જિલ્લામાં એક નોડલ ઓફિસરની નિમણૂંક કરવાની જરૂર છે. સુપ્રિમ કોર્ટે રાજ્ય સરકારોને નિર્દેશ આપ્યા છે કે દરેક જિલ્લામાં એક સિનિયર પોલીસ ઓફિસરને નોડલ ઓફિસર બનાવી નિમણૂંક આપવામાં આવે.

સુપ્રિમ કોર્ટે કેન્દ્ર અને રાજ્ય સરકારો એમ બન્નેને કહ્યું છે કે ગૌરક્ષાનાં નામે કાયદાને હાથમાં લેનારાઓ વિરુધ્ધ કડક પગલા ભરવામાં આવે. સુપ્રિમ કોર્ટે રાજ્યોનાં મુખ્ય સચિવોને આ અંગે કાર્યવાહીની ડિટેઈલ રિપોર્ટ એક અઠવાડિયામાં કોર્ટ સમક્ષ રજૂ કરવાનું જણાવ્યું છે. આ મામલે સુપ્રિમમાં કેન્દ્ર સરકાર વતી દલીલ કરતા એડિશનલ સોલિસીટર જનરલ (છજીય) તુષાર મહેતાએ કહ્યું કે આવા લોકો વિરુધ્ધ પગલા બરવા માટે કાયદો હયાત છે.


છજીયનાં આ જવાબ બાદ ચીફ જસ્ટીસ દિપક મિશ્રાએ કહ્યું કે અમે જાણીએ છીએ કે કાયદો છે. પરંતુ શું કાર્યવાહી કરવામાં આવી? ચીફ જસ્ટીસે કહ્યું કે સરકાર સુનિયોજિત કાર્યવાહી કરી શકે છે જેથી કરીને ગૌરક્ષાના નામે હિંસા થઈ શકે નહી. ચીફ જસ્ટીસ દિપક મિશ્રા, જસ્ટીસ અમિતાવ રાય અને જસ્ટીસ એમ. ખાનવિલકરની બેન્ચે રાજ્યોનાં મુખ્ય સચિવોને ગૌરક્ષાનાં નામે થઈ રહેલી ઘટનાઓને રોકવા માટે થયેલી કાર્યવાહીના વિવરણ સાથે સંપૂર્ણ રિપોર્ટ સુપ્રત કરવા જણાવ્યું છે. બેન્ચે કેન્દ્ર સરકારને કહ્યું કે સંવિધાનનાં આર્ટીકલ ૨૫૬ અંતર્ગત બધા જ રાજ્યોને કાયદો વ્યવસ્થાનાં બારામાં જવાબ આપવાનું કહ્યું છે.

સુપ્રિમ કોર્ટે મહાત્મા ગાંધીનાં પ્રપૌત્ર તુષાર ગાંધી દ્વારા દાખલ થયેલી જાહેરહિતની અરજી પર સુનાવણી કરી હતી. આ અરજીમાં ગૌરક્ષાના નામે થઈ રહેલી હિંસા પર અંકુશ મૂકવાના ઉપાયો પણ રજૂ

● અનુસંધાન પાન-૭ પર

# ગૌરી લંકેશ હત્યાકાંડ મામલે એસઆઈટી કક્ષાએ તપાસ

## ગૃહમંત્રી રાજનાથે રિપોર્ટ માગ્યો



બેંગ્લુરુ,તા.૬

કર્ણાટક સરકારે પત્રકાર ગૌરી લંકેશ હત્યાકાંડની તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (જીૈં)ની રચના કરી છે. સીએમ સિદ્ધારમૈયાએ એમ પણ કહ્યું કે આ મામલાની તપાસ સીબીઆઈ પાસે કરાવવાનો વિકલ્પ પણ ખુલ્લો છે. કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથ સિંહે પણ આ હત્યાકાંડ મામલે રાજ્ય સરકાર પાસે રિપોર્ટ માંગ્યો છે. કન્નડ પત્રકાર અને ટેબ્લોઈડ લંકેશ પત્રિકાના સંપાદક ગૌરી લંકેશ (૫૫)ની તેમના રાજ રાજેશ્વરી નગર સ્થિત આવાસ પર ગોળી મારીને હત્યા કરી દેવાઈ. ગૌરી લંકેશ પર ૭ ગોળીઓ ફાયર કરાઈ. તેમના શરીર પર ૩ ગોળીઓના નિશાન મળી આવ્યાં. મામલાની તપાસ કરવામાં આવી રહી છે. હાલ બેંગ્લુરુંમાં હાઈ એલર્ટ છે.

પોલીસના વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક બાદ મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ પ્રેસ કોન્ફરન્સને સંબોધી. તેમણે કહ્યું કે એસઆઈટીનું નેતૃત્વ આઈજી સ્તરના અધિકારી કરશે. રાજ્ય સરકાર જેમ બને તેમ જલદી ગુનેહગારોની ઓળખ કરી લેવા માટે કટિબદ્ધ છે. સિદ્ધારમૈયાએ કહ્યું કે તેમણે ડીજીપીને કહ્યું છે કે આ મામલાની તપાસ માટે જેટલા

● અનુસંધાન પાન-૭ પર

# મ્યાનમારમાં રોહિંગ્યા સમાજના પલાયનથી ભારત ચિંતિત

નેપીતો,તા.૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મ્યાનમારના પ્રવાસે છે. આજે તેમણે સ્ટેટ કાઉન્સેલર આંગ સાન સુ કી સાથે મુલાકાત કરી અને ડેલિગેશન લેવલની ચર્ચા કરી. બંને નેતાઓએ બેઠક બાદ એક સયુંક્ત પત્રકાર પરિષદને સંબોધી. ભારત અને મ્યાનમાર વચ્ચે અનેક કરાર પણ થયાં. પીએમ મોદીએ મ્યાનમાર પ્રવાસમાં બંને દેશો વચ્ચેના સંબંધો મજબુત કરવા પર ભાર મૂક્યો છે. તેમણે પોતાના સંબોધનમાં રોહિંગ્યા મુસલમાનોનો મુદ્દો પણ ઉઠાવ્યો. જો કે પીએમ મોદીએ સીધી રીતે તો તેનો ઉલ્લેખ ન કર્યો પરંતુ ઈશારામાં મ્યાનમારને સંકેત જરૂર આપ્યો કે

**વડાપ્રધાને આંગ સાન સુ કી સાથે મુલાકાત કરી ડેલિગેશન લેવલની ચર્ચા કરી : મ્યાંમારના નાગરિકોને મફત વીઝા આપવામાં આવશે**

● અનુસંધાન પાન-૭ પર






# ટેરર ફંડિંગ મામલે કાશ્મીર અને દિલ્હીમાં એનઆઈએના દરોડા

## ૧૬થી વધુ સ્થળોએ એક સાથે તપાસ : હવાલા ઓપરેશનમાં સામેલ રહેલા ઘણા કારોબારીઓ સકંજામાં ૧૯૯૦માં ત્રાસવાદની શરૂઆત થયા બાદ પ્રથમ વખત ફંડિંગના સંબંધમાં વ્યાપક દરોડા

નવી દિલ્હી,તા. ૬

ત્રાસવાદીઓ અને અલગતાવાદીઓ ઉપર સકંજો વધુ મજબૂત કરવા અને તેમની ગતિવિધિ ઉપર બ્રેક મુકવાના હેતુસર નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી (એનઆઈએ) દ્વારા આજે સવારથી જ કાશ્મીર અને દિલ્હીમાં દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. હવાલા ઓપરેશનમાં સામેલ રહેલા કારોબારીઓને સકંજામાં લેવામાં આવી રહ્યા છે. ટેરર ફંડિગ અને અલગતાવાદી ગતિવિધીઓ માટે નાણાનો ઉપયોગ કરવામાં સામેલ રહેલા લોકો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. આજે સવારમાં જ શ્રીનગર અને ઉત્તર કાશ્મીરના જુદા જુદા ભાગોમાં વેપારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે.



જુની દિલ્હીના પાંચ વેપારીઓ પર દરોડા પાડવામાં આવ્યા હતા. તેમના તમામ દસ્તાવેજો અને અન્ય કાગળોમાં તપાસ કરવામાં આવી રહી છે. શંકાસ્પદ સ્થળો પર વ્યાપક સર્ચ કામગીરી હાથ ધરવામાં આવી હતી. એકફ્રી લાન્સફોટો જર્નાલિસ્ટ સહિત બે લોકોની ધરપકડ કરવામાં આવ્યાના એક દિવસ બાદ આજે

● અનુસંધાન પાન-૭ પર

# હવે પેન્શન યોજનાઓમાં ફેરફાર કરવા તૈયારી

નવીદિલ્હી,તા. ૬

સરકારે સામાજિક પેન્શન યોજનાઓમાં મોટા ફેરફાર કરવા માટેની તૈયારી કરી લીધી છે પરંતુ હજુ સુધી સરકારની નજર જીએસટી બાદ એકત્રિત કરવામાં આવેલા રેવન્યુ ઉપર કેન્દ્રિત છે. જીએસટી બાદ આવેલા રેવન્યુના આધાર પર ફેરફારોને અમલી કરી શકાય છે કે કેમ તેના ઉપર ગંભીરતાપૂર્વક વિચારણા ચાલી રહી છે. અંદાજ મુજબ નેશનલ સોશિયલ આસીસ્ટન્ટ પ્રોગ્રામ (એનએસએપી) જેના હેઠળ વૃદ્ધાવસ્થા સાથે સંબંધિત પેન્શન, વિધવા પેન્શન અને દિવ્યાંગ પેન્શન આપવામાં આવે છે. તેનાથી બજેટ ઉપર ૧૦થી ૧૨ હજાર કરોડના વધારાનો બોજ પડશે. હાલમાં તેનું બજેટ ૯૦૫૦૦ કરોડ રૂપિયાની આસપાસ છે.

પેન્શન યોજનામાં આ ફેરફાર બાદ સરકારને આશરે ૨૨૦૦૦ કરોડ રૂપિયાનો ફંડ એકત્રિત કરવાની જરૂર પડશે. સરકારે પેન્શન સ્કીમના ફંડિંગમાં પણ મોટાપાયે ફેરફાર માટેની તૈયારી કરી છે. કેન્દ્ર સરકાર હાલની જેમ તમામ ખર્ચ પોતે ઉઠાવવાના બદલે ૪૦ ટકા રકમ રાજ્ય સરકાર પાસેથી એકત્રિત કરી શકે છે. જો આમાથી રાજ્ય સરકારનો હિસ્સો એટલે કે ૪૦ ટકા રકમને દૂર કરી દેવામાં આવે તો પણ આશરે ૧૦૦૦૦ કરોડનો બોજ કેન્દ્ર સરકાર ઉપર પડશે. પ્રસ્તાવ મુજબ કેન્દ્ર

● અનુસંધાન પાન-૭ પર

દિવાળી-૨૦૧૭ વેકેશન ટુર
ફેમીલી ટુર-હનીમુન ટુર
હિમાચલ, કેરાલા, ભૂટાન, અંદામાન, ઉત્તરાખંડ
એમેઝિંગ ડેસ્ટિનેશન હોલિડેઝ
કુડાસણ, ગાંધીનગર
મો. : ૯૬૨૪૦ ૭૩૩૩૩
મો. : ૯૫૭૪૨ ૫૪૪૪૪

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય